## જન્મદિને વધામણી



ડેલ્વિના ગૌતમકુમાર અમિન
મો. ૯૭૨૩૨ ૭૫૧૫૧



મહર્ષ નિખીલભાઈ મોદી
મો. : ૯૯૨૫૨૮૪૫૧૩



આશિષકુમાર ખેમચંદભાઈ નાયી
મો. ૯૯૨૫૮ ૧૦૮૦૮



સંજયકુમાર ખેમચંદભાઈ નાયી
મો. ૯૯૨૫૪ ૮૩૯૯૭

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

# સેફ્રોની ડિપ્લોમા એન્જીનીયરીંગ કોલેજ જીટીયુ સેમિસ્ટર-૨ની પરીક્ષામાં ગાંધીનગર ઝોનમાં પ્રથમ




ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સીટીની સેમિસ્ટર-૨ ના પરિણામોમાં, સેફ્રોની ડિપ્લોમા એન્જીનીયરીંગ કોલેજે ગાંધીનગર ઝોનમાં જ્વલંત સફળતા મેળવેલ છે, જેમાં ડિપ્લોમાં મિકેનીકલ અને સિવિલ એન્જીનીયરીંગનો ગાંધીનગર ઝોન માં પ્રથમ ક્રમાંક છે, અને ઓટોમોબાઈલ એન્જીનીયરીંગમાં દ્વિતીય રેન્ક પ્રાપ્ત કરેલ છે. સંસ્થાના ડિપ્લોમા કોલેજના પ્રિન્સીપાલ પ્રોફેસર શ્રી. એમ. એ. પટેલ, ટ્રસ્ટીશ્રી અને પ્રાધ્યાપકો એ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા અને ભવિષ્યમાં આવીજ જ્વલંત સફળતા પ્રાપ્ત કરે એવી શુભેચ્છા પાઠવી હતી.

# બીસીએ કોલેજમાં 'ઓરેકલ એપ્લીકેશન એક્સપ્રેસ' સેમિનાર

ગાંધીનગર, તા. ૮

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કોમ્પુટર સ્ટડીઝ દ્વારા બી.સી.એ. અને એમ.સી.એ.ના વિદ્યાર્થીઓએ માટે "Oracle Application Express: A Rapid Application Development Tool" વિષય પર સેમિનાર કોલેજ ખાતે યોજાયો. આ સેમિનારમાં વિષય તજગ્ન તરીકે શ્રી દિગ્વિજયસિંહ વિરપુરાએ સેવાઓ આપી હતી.

કોલેજ દ્વારા સમયાંતરે ચાલતા સેમિનાર અને વર્કશોપની વિસ્તૃત માહિતી આપતા ડાયરેક્ટર ડો. સંજય એમ શાહે જણાવ્યુ હતું કે કોલેજ દ્વારા આ વર્ષના ચોથા સેમિનારનું આયોજન થઈ રહ્યું છે. આગામી સમયમાં જ્યારે ઘરમાં, ઓફિસમાં કે બિઝનેસમાં વપરાતા અગત્યના ડોક્યુમેંટ્સ અને ડેટાને લાંબા સમય સુધી સાચવવા એ ખરેખર અગત્યનું થઈ રહ્યું છે ત્યારે ડેટાબેસ મેનેજમેંટ માટે ઓરેકલ જેવા રેપિડ એપ્લીકેશન ડેવલોપમેન્ટ ટૂલની ડિમાન્ડ દિન પ્રતિદિન વધતી જાય છે, આ સંજોગોમાં કોલેજમાં ચાલતા બંને કોર્સના વિદ્યાર્થીઓને આ ટૂલ વિષે



વિસ્તૃત માહિતી મળી રહે તે માટે આજ ફીલ્ડના અને વર્ષોથી અનુભવી એવા વિષયનિષ્ણાત દ્વારા આવા સેમિનારનું આયોજન કરીને વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા છે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે સમયની માંગ પ્રમાણે વિદ્યાર્થીઓને ઉપ-ટુ-ડેટ રાખવાથી નોકરીમાં વિદ્યાર્થીઓને અગ્રતા મળે છે.

Oracle Application Expressવિષે વધુ માહિતી આપતા વિષય તજગ્ન શ્રીદિગ્વિજયસિંહ વિરપુરાએ સેમિનારમાં ઓરેકલ સર્ટિફિકેશન પ્રોગ્રામની ગાઈડલાઈન આપી હતી સાથે સાથે OCPEXAM કઈ રીતે આપવી, કેવીરીતે તૈયારીઓ કરવી અને પ્રેક્ટિકલમાં કઈ રીતે આગળ વધવું જેથી ધારી સફળતા મેળવી શકાય તેની માહિતી આપી હતી. સાથે સાથે તેઓએ વિદ્યાર્થીઓને APEXથી માહિતગાર કરીને આ ફિલ્ડમાં આગળ વધવા માટે જરૂતિ માહિતી અને ઉપલબ્ધ તકો વિષે માહિતગાર કર્યા હતા. વધુમાં Online Apex, Apex deployment અને SQL wrokshopનું પણ પ્રેક્ટિકલ ડેમોસ્ટ્રેશન આપ્યું હતું. સેમિનારના અંતમાં પ્રો. દિગ્વિજયસિંહ વિરપુરાએ વિદ્યાર્થીઓને આ ક્ષેત્રે મુંજવતા પ્રશ્નોનું સમાધાન આપ્યું હતું.

આ સમગ્ર સેમિનારમાં ૬૫ કરતાં વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સેમિનારનું આયોજન પ્રો. મોનિકા પટેલ, પ્રો. મેઘા પંડ્યા, પ્રો. પ્રિયંકા શાહ, પ્રો. પૂજા જોશી, પ્રો, બીજલ પરમાર અને ડો. રિચા મેહતા દ્વારા ડાયરેક્ટર ડો. સંજય એમ શાહના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# એસ. જી. પ્રાથમિક શાળામાં રંગોળી બનાવવાની પ્રવૃત્તિ








એસ.જી અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં બુધવારે સ્વતંત્રતા દિવસના વિષય પર રંગોળી બનાવવાની પ્રવૃતિનું આયોજન થયું હતું. આ પ્રવૃતિમાં ધોરણ ૫થી૮ના વિદ્યાર્થીઓએ ભારત દેશના સ્વતંત્રતા દિવસને લગતા વિષય પર દરેક વર્ગદીઠ બે બે રંગોળી બનાવી હતી અને મનોહર રંગોળીનું સર્જન કર્યું હતું.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલમાં સ્કાઉટ ગાઈડની વિદ્યાર્થિનીઓ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આચાર્ય નીરૂબેન પટેલ દ્વારા વિદ્યાર્થિનીઓને વૃક્ષનાં મહત્ત્વ વિશે સમજ આપવામાં આવી હતી. શિક્ષક સરિતાબેન ત્રિપાઠીએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

## સરકારી વિનયન કૉલેજ દ્વારા ગ્રામસફાઈ

ગાંધીનગર, તા. ૮

સરકારી વિનયન કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગરના એન. એસ. એસ. અને એન.સી.સી. વિભાગ દ્વારા ગાંધીનગર જિલ્લાના અમિયાપૂર ગામ ખાતે સ્વચ્છતા અભિયાન અંતર્ગત ગામની સરકારી શાળા અને શેરીઓમાં સ્વચ્છતા કરવામાં આવી હતી. જેમાં એન.સી.સી.ના પ્રોગ્રામ ઓફિસર પ્રા. એમ. કે. પટેલ પ્રા. કૃષ્ણવીરસિંહ ઝાલાની આગેવાની અને માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.



## સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત મમતા આઈએએસ ટ્રેનિંગ સેન્ટર દ્વારા સનદી સેવામાં જોડાવા માટે વર્ગો શરૂ કરાશે

### શ્રી માણેકલાલ એમ પટેલ આઈએએસ ટ્રેનિંગ સેન્ટર ફોર સ્કૂલ્સના સંયુક્ત ઉપક્રમે વર્ગો યોજાશે

ગાંધીનગર, તા. ૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સનદી સેવામાં જોડાવા માટે લેવામાં આવતી પરીક્ષાની તૈયારી માટેના પ્રશિક્ષણ વર્ગોનો પ્રારંભ આગામી માસથી કરવામાં આવી રહ્યો છે. આ વર્ગોમાં જોડાવા માટે ધોરણ-૬થી ૧૨ના વિદ્યાર્થીઓને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત મમતા આઈએએસ ટ્રેનિંગ સેન્ટર, સેક્ટર-૨૩ દ્વારા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે મંડળ સંચાલિત શાળાઓમાં ધોરણ-૬થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે યુપીએસસી દ્વારા લેવાતી સનદી સેવાઓ (આઈએએસ, આઈપીએસ, આઈએફએસ, આઈઆરએસ)ની પરીક્ષાના પ્રશિક્ષણ વર્ગો દર શનિવાર અને રવિવારે ક્રમશઃ ગુજરાતી તેમજ અંગ્રેજી માધ્યમમાં શરૂ કરવાનું આયોજન છે. આ વર્ગો શ્રી માણેકલાલ એમ પટેલ આઈએએસ ટ્રેનિંગ સેન્ટર ફોર સ્કૂલ્સ દ્વારા અને મમતા આઈએએસ ટ્રેનિંગ સેન્ટરના માર્ગદર્શન હેઠળ ચલાવવાનું આયોજન કરાયું છે.

આ પ્રશિક્ષણ વર્ગો માટેની પ્રવેશ પરીક્ષા સંભવતઃ ૧૬ સપ્ટેમ્બરના રોજ લેવાની વિચારણા કરવામાં આવી છે. આ પ્રવેશ પરીક્ષાનાં ફોર્મ મમતા આઈએએસ ટ્રેનિંગ સેન્ટર, સર્વ વિદ્યાલય કેમ્પસ, સેક્ટર-૨૩ ખાતેથી સવારે ૧૦.૩૦થી સાંજે ૬ સુધીમાં પ્રાપ્ત થઈ શકશે. ભરેલાં ફોર્મ તા. ૨૧મી ઓગષ્ટ સુધીમાં સંસ્થાને પરત કરવાનાં રહેશે.

વધુ વિગતો માટે સેન્ટરનો સંપર્ક (ફોન - ૨૩૨૪૮૦૦૮) કરવા આ અખબારી યાદીમાં વધુમાં જણાવવામાં આવ્યું છે.

## આર સી પટેલ સ્કૂલમાં ટીમવર્ક વિશે વક્તવ્ય યોજાયું

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર સ્થિત શ્રીમતી આર સી પટેલ સ્કૂલમાં વુમન ડેવલપમેન્ટ સેલ અંતર્ગત મહિલા જાગૃતિ માટે ડૉ. પરાગી ગાંધીએ જૂથકાર્યના માધ્યમથી ધોરણ-૧૧ કૉમર્સ વિભાગની વિદ્યાર્થિનીઓને ટીમવર્ક માટે ઉપયોગી માહિતી પૂરી પાડી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા કૉમર્સ વિભાગનાં સુપરવાઈઝર કેતકીબેન પટેલ, આચાર્ય વિનોદભાઈ પટેલ, બીનલબેન અને મેરાજબેન પઠાણે જહેમત ઊઠાવી હતી.

## સાહિત્યસભા દ્વારા સર્જકોની કલાને ખીલવવા એક દિવસીય પ્રવાસનું આયોજન

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા કવિ-લેખક અને સર્જકોની કલાને કુદરતી સૌંદર્ય વચ્ચે ખીલવવાના પ્રયાસરૂપે ૨૪ ઑગષ્ટના રોજ એક દિવસીય પોળોના જંગલનો સાહિત્યિક પ્રવાસ ગોઠવવાનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતી સાહિત્ય અને પત્રકારત્વના પરિસંવાદ સહ કવિઓ-લેખકોની સ્વરચિત રચનાઓનું પઠન કુદરતને ખોળે ખુલ્લા આકાશ નીચે બેસીને કરવામાં આવશે.

આ પ્રવાસ માત્ર ગાંધીનગર સાહિત્યસભાના સભ્યો પૂરતો મર્યાદિત છે. અન્ય લોકોને જોડાવું હોય તો સંસ્થાનું સભ્યપદ મેળવી જોડાઈ શકે છે. પ્રવાસમાં જોડાવા ઈચ્છુક સભ્યોએ પોતાનાં નામ ૧૭ ઑગષ્ટ સુધીમાં સંસ્થાના ઉપાધ્યક્ષ સંજય થોરાતને કરાવી દેવા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જી.ઈ.બી. શાળા ખાતે બાળકોને અભ્યાસકિટનું વિતરણ

ગાંધીનગર, તા. ૮

શહેરના પ્રતિષ્ઠિત વકીલ રશેષભાઈ માંકડ દ્વારા તેમના પિતાશ્રીની માસિક પુણ્યતિથિ નિમિતે નાનાં બાળકોને પેન્સિલ, રબર, નોટબુક, ફૂટપટ્ટીની કીટનુ વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ અમદાવાદનાં જાણીતાં ગાયનોકોલોજીસ્ટ ડૉ. નીલેશભાઈ ત્રિવેદી અને ડૉ. યામિનીબેન વસાવડા ત્રિવેદી તરફથી તેમના પિતાશ્રીના સ્મરણાર્થે ધો-૩ થી ૮નાં બાળકોને ફૂલસ્કેપ નોટબૂકનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ માટે શાળા પરિવાર વતી આચાર્ય દિપ્તીબેન વસાવડાએ બંને દાતાઓનો આભાર વ્યકત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે શાળામાં ઓ,એન.જી.સી.એન.જી.ઓ દ્વારા વયસ્ક કન્યાઓ માટે જાગૃતિ શીબીર યોજવામાં આવી હતી. જેમાં આશરે ૫૦ કન્યાઓએ ભાગ લીધો હતો. ઉપરાંત સરકાર





દ્વારા ઓરી રૂબેલા રસીકરણ કાર્યક્રમ હેઠળ આશરે ૩૬૦ બાળકોને રસી આપવામાં આવી હતી. ડૉ.બ્રિજેશ પટેલ અને ડૉ.મેઘાબેને તથા સ્ટાફ નર્સ હિતેક્ષાબેને તથા આગણવાડી બેનોએ ખુબ જહેમત ઉઠાવી આ કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

# દિગ્દર્શક એક જુદા જ પ્રકારનો કલાકાર હોય છે

ગાંધીનગર, તા. ૭

'વ્યક્તિની નાટ્યાત્મક અભિવ્યક્તિ એટલે નાટક. અને નાટક એક એવી કલા છે, જે વ્યક્તિમાં થોપી શકાતી નથી. વ્યક્તિની અંદર એ ધરબાયેલી હોવી જોઈએ ને એને વ્યક્ત કરવાની તૈયારી, ઈચ્છા વ્યક્તિની હોવી જોઈએ.'

ગાંધીનગરના રહેવાસી અને ગુજરાત ગૌરવ ઍવોર્ડ વિજેતા નાટ્યકાર અખ્તર સૈયદે શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ અને સંસ્કૃતિ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે કૉલેજમાં આયોજિત નાટ્ય તાલીમ શિબિરના ત્રીજા દિવસે શિબિરાર્થીઓ સાથે વાત કરતાં આ શબ્દોનું ઉચ્ચારણ કર્યું હતું.

'નાટકનું દિગ્દર્શન એટલે શું ? તેની જવાબદારીઓ અને ચિંતાઓ' વિષયે બોલતાં અખ્તર સૈયદે તાલીમાર્થી વિદ્યાર્થિનીઓને નાટ્યદિગ્દર્શકની જવાબદારીઓ મુદ્દાસર સમજાવી હતી અને ત્યારબાદ દિગ્દર્શક તરીકે ભજવવાની થતી ભૂમિકા વિદ્યાર્થિનીઓને સાંકળીને સ્વયં ભજવી બતાવી હતી. પોતાના પ્રવચનમાં તેમણે ઉચ્ચારેલા શબ્દો 'દિગ્દર્શક એક જુદા જ પ્રકારનો કલાકાર હોય છે' તેમણે વિદ્યાર્થિનીઓ સમક્ષ પૂરવાર કરી બતાવ્યા હતા. નાટકના ડાયલોગ્સ બોલવાના તેમના અંદાજથી વિદ્યાર્થિનીઓ ખૂબ જ પ્રભાવિત થઈ હતી.




શિબિરના ત્રીજા દિવસના પ્રારંભે સ્વાગત પ્રવચન અને કાર્યક્રમ સંચાલન સંસ્કૃતિ સંસ્થાના મંત્રી મનોજ શુક્લ દ્વારા કરવામાં આવ્યું હતું. આભાર દર્શન અને પ્રાયોગિક નાટક સેશનનું સંચાલન કુંતલ નિમાવત દ્વારા કરવામાં આવ્યું હતું. શિબિરના ચોથા દિવસે ગુરુવારે નરેશ ફિટર દ્વારા 'નાટકના સારા કલાકાર બનવા શું કરશો?' વિષયે વકતવ્ય આપવામાં આવશે.

# જે કામ સોયથી થઈ શકતું હોય તેના માટે તલવારની જરૂર નથી

ગાંધીનગર, તા. ૮

ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં શ્રી ૧૦૦૮ મહાવીર સ્વામી દિગંબર જૈન મંદિર, સેક્ટર-૨૧ મુકામે પરમ પૂજ્ય આચાર્યશ્રી સુનીલ સાગરજીનો ૪૩ પિચ્છી સંઘ સાથે ૨૨મો ચાતુર્માસ થઈ રહ્યું છે. ત્યાં દર રોજ સાવાર બપોર સાંજ ધર્મચર્ચાઓ, સત્સંગ ચાલી રહ્યું છે. જેમાં જૈન-જૈનોત્તર સમુદાયના મોટા લોકો અને નાના બાળકો બધાજ પોતાની હૃદયભેર શ્રદ્ધાપૂર્વક હાજર રહી લોકો પોતાના જીવનને કૃતાર્થ કરી રહ્યા છે. આજે સવારનાં પ્રવચનમાં આચાર્યશ્રી સુનીલસાગરજી મહારાજે માનવજીવનમાં ખૂબ જ ઉપયોગી વિષય પર વ્યાખ્યાન આપતા કહ્યું કે જે કામ સુઈથી થઈ શકે તેના માટે તલવાર ઉપાડવાની જરૂર નથી. સુઈ અને કાતર બન્ને લોખંડથી બનેલી છે. પણ સુઈ સીવાનો કામ કરે છે જ્યારે કાતર કાપવાનું. સુઈની કામગીરી જોડવાની છે અને કાતરની તોડવાની કે નુકસાન પહોંચાડવાની. જે લોકો સુઈની જેમ સમાજને જોડવનો કામ કરે છે તેમનો સન્માન થાય છે અને જે તોડવાનો કામ કરે છે તેને સમાજ દુત્કારી દે છે અને તેઓ નિંદાના પાત્ર બને છે. ખરેખર આપણે સુઈ જેવા બનવાની જરૂર છે. તેમણે દરજીનો દાખલો આપી સમજાવ્યું હતું કે દરજી સુઈ અને કાતર બન્નેને સમાન રૂપે કામમાં લે છે પણ તે કામ કર્યા પછી સુઈને પાગડીમાં ટાંકી લે છે, સાચવે છે જ્યારે કાતરને પગ નીચે જ દબાઈને રાખે છે જેથી તે તેને નુકસાન ના પહોંચાડી શકે. જો તે એનાથી વિપરીત વર્તન કરવા જાય એટલે કાતરને પગની જગ્યા માથા પર મૂકે તો ઈજા થવાની શક્યતાઓને નકારી શકાતા નથી તેમજ જો સુઈ પગના નીચે મુકાઈ જાય તો તેને જોડવાની તક ગુમાવી પડે તેવી શક્યતાઓ ઉભી થઈ જાય છે. એવું કહી શકાય છે સુઈના સ્થાન પરિવર્તનની જેમ સારા કામો કે સારા લોકોની સ્થિતિ બને તો સમાજ સારા પરિણામોથી વંચિત રહી શકે છે. આનીથી પ્રેરણા લઈને આપણે સુઈ જેવા થઈને સમાજ માટે ઉપયોગી બનવું છે અને જીવનને સાચી દિશા આપવી છે. તેમને આગળ કહ્યું કે ×જે કામ શબ્દોથી થઈ શકે તેના માટે હાથ ઉપાડવાની જરૂર નથી.× માનવીના શરીરમાં જે જીભ છે તે માંસની બનેલી હોય છે જેમાં હાડકા પણ હોતા નથી છતાંય તે જોડવાનું અને તોડવાનું બન્ને કામો બખૂબી કરતી હોય છે. તે સારૂં બોલીને, ક્ષમા માંગીને ખરાબ રિશ્તાને સુધારી શકે છે અને કડવો બોલીને રિશ્તાને બગાડી શકે છે, મહાભારત કરાવી શકે છે. શબ્દોના ઉપયોગની જગ્યા એવા લોકો જ હાથ ઉપાડે છે જેના શબ્દોમાં તાકાત હોતી નથી, તેમના શબ્દોમાં અસરકારકતા હોતી નથી. સારો બોલીને કોઈ પણ પાસેથી ધાર્યું કામ કરાવી શકાય છે, પ્રેમના અને મીઠા બોલના વશ થઈ લોકો અણધાર્યું પણ કરીને બતાવી દે છે. આપણે સમજવું પડશે કે કોઈ પણ વ્યકિત આ જગતમાં પોતાનો અપમાન સહન કરી શકતો નથી. જો ક્યારેક મજબૂરીમાં જ કામ કરતો હોય છે તો તેમા ખુશી લુપ્ત હોય છે. અહંકાર કોઈનું રહ્યું નથી. પ્રેમ અને માનવતાથી જ આ દુનિયાને જીતી શકાય છે. સંઘસ્થ મુનિશ્રી સુશ્રુત સાગરજીએ બાળકોને સંબોધિત કરતા કહ્યું કે તેમને સાચા ગુરૂની સંગતિ કરવી જોઈએ તેમની સીખ જીવનમાં ઉતારવી જોઈએ કેમ જે જીવન જીવવાના શ્રેષ્ઠ સંસ્કારો ગુરુ પાસે જવાથી જ પ્રાપ્ત થાય છે. પાઠશાળામાં જવાથી લૌકિક જ્ઞાન પ્રાપ્ત થાય છે જ્યારે સાચા ગુરુને શરણે થવાથી જીવનનો સાર મેળવી શકાય છે. સંઘસ્થ દીદીશ્રી દ્વારા દર રોજ સાંજે સ્વાધ્યાય અને પ્રશ્નમંચ કાર્યક્રમનો દૈનિક સંચાલન કરવામાં આવે છે જેમાં શનિ રવિના દિવસો ખાસ બાળકો માટે રાખેલ છે જેથી વર્તમાન અને ભાવિ પેઢી સંસ્કારિત બની શકે.